# ગુજરાત યુનિવર્સિટી ત્રણ વર્ષ એલએલ.બી અભ્યાસક્રમ સેમેસ્ટર-1 પ્રવેશ અંગેની નોટીસ વર્ષ- 2023-24

1 ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન તમામ લો કોલેજો માટે ત્રણ વર્ષ એલએલ.બી અભ્યાસક્રમમાં સેમેસ્ટર-1માં કેન્દ્રીયકૃત પ્રવેશ માટેની કાર્યવાહી **તા ૧૩-૦૬-૨૦૨૩ થી** ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ https://oas2023.guadmissions.in/ પર મુકેલ સૂચના મુજબ ઓન લાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. આ સાથે વેબસાઈટ પર ઓન લાઈન અરજી પ્રક્રિયાના વિવિધ તબક્કા દર્શાવતો Admission Flow Chart તમામ વિદ્યાર્થીઓએ જોઇ લેવો.આ અંગેની બુકલેટની ગુજરાત યુનિવર્સીટી વેબસાઈટ પર મુકેલ સોફ્ટ કોપી તમામ વિદ્યાર્થીઓએ કાળજીપૂર્વક વાંચી લેવી.પ્રવેશ પ્રક્રિયાનો સૂચિત કાર્યક્રમ વખતોવખત ઉપરોક્ત વેબસાઈટ પર નોટીસ દ્વારા મુકવામાં આવશે.ત્રણ વર્ષ એલએલ.બી.પ્રવેશ પ્રક્રિયાની તારીખો સાથેનો વિગતવાર કાર્યક્રમ વેબસાઈટ પર વખતોવખત મુકવામાં આવશે.

2 ત્રણ વર્ષ એલએલ.બી. એડમીશન માટે જનરલ તથા EWS કેટેગરી વિદ્યાર્થીઓ, જેમણે માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડીગ્રી - 45% કે વધુ સાથે ,SC /ST કેટેગરી માટે 40% કે વધુ અને SEBC કેટેગરી માટે 42 % કે વધુ માર્ક્સ સાથે સ્નાતક પરીક્ષા ઉત્તીર્ણ કરેલ છે તેઓ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઓનલાઈન અરજી કરી શકશે.

3 આ અભ્યાસક્રમમાંઓન લાઈન અરજી કરવા સૌ પ્રથમ વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ https://oas2023.guadmissions.in/ પર લોગ ઇન થઇ Quick Registration કરવાનું રહેશે. આ માટે વિદ્યાર્થીએ પોતાનું નામ, સરનામું અને અન્ય પ્રાથમિક વિગતો તેમ જ પોતાના મોબાઈલ નંબર અને ઈ મેઈલ આઈ.ડી. આપવાનું રહેશે. આ વિગતો આપતા જ વિદ્યાર્થીના મોબાઈલ પર SMS દ્વારા અને ઈ મેઈલ પર વિદ્યાર્થીને યુઝર આઈ.ડી. અને પાસવર્ડ આપવામાં આવશે જેની મદદથી વિદ્યાર્થીએ ઓન લાઈન રજીસ્ટ્રેશન .માટેની આગળની પ્રક્રિયા કરવાની રહેશે. આ યુઝર આઈ.ડી. અને પાસવર્ડ વિદ્યાર્થીએ પોતાની પાસે સાચવી રાખવાનો રહેશે. એડમીશન પ્રક્રિયા અંગેની તમામ માહિતી આ યુઝર આઈ.ડી. અને પાસવર્ડ લોગ ઇન કરવાથી મળશે. Quick Registration બાદ વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન ચાર્જ પેટે ઓન લાઈન Rs. 175/-નું પેમેન્ટ કરવાનું રહેશે.

4 ઉપરોક્ત પ્રક્રિયા કર્યા પછી વિદ્યાર્થીએ Admission Flow Chartમાં દર્શાવ્યા મુજબ તબક્કાવાર પોતાની માહિતી, શૈક્ષણિક વિગતો, કેટેગરીની વિગતો આપવાની રહેશે. ઉપરોક્ત માહિતી ભર્યા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતારનો પાસપોર્ટ સાઇઝનો ફોટો, પોતાની સહી, માર્કશીટો, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અને કેટેગરી અંગેના દસ્તાવેજો વગેરેની સોફ્ટ કોપી અપલોડ કરવાની રહેશે. તમામ દસ્તાવેજોનું વેરીફીકેશન ઓન લાઈન જ હોઇ તમામ કોપી સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમ જ અપલોડ કરવી.

ઓન લાઈન રજીસ્ટ્રેશન માટે લોગઇન કરતા પહેલા દરેક વિદ્યાર્થીએ નીચેના દસ્તાવેજોની સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી સોફ્ટ કોપી (૩૦૦ kb સુધીની સાઈઝ jpeg image or pdf file) સાથે રાખવી.

- પોતાના પાસપોર્ટ સાઇઝ ફોટાની સોફ્ટ કોપી
- પોતાની સહીની સોફ્ટ કોપી
- ક્વોલીફાઇંગ પરીક્ષાની (સ્નાતક પરીક્ષાના છેલ્લા ચાર સેમિસ્ટર કે છેલ્લા બે વર્ષની પરીક્ષાની માર્કશીટની) સોફ્ટ કોપી
- ગુજરાત સરકારના સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ કેટેગરી સર્ટીફીકેટની(SC/ST/SEBC/EWS/Phy Handi) સોફ્ટ કોપી જો લાગુ પડતું હોય તો
- ગુજરાત સરકારના સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ SEBC કેટેગરીના વિદ્યાર્થીઓ માટે નોન-ક્રીમી લેયર સર્ટીફીકેટ (તાજેતારનું)ની સોફ્ટ કોપી / EWS સર્ટીની સોફ્ટ કોપી
- સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ કે અન્ય જન્મ તારીખ દર્શાવતા પ્રમાણપત્રની સોફ્ટ કોપી



@geniusguruji

- **અન્ય યુનિવર્સીટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ જો તેમની સ્નાતક પરીક્ષાની છેલ્લા બે સેમેસ્ટરની કે છેલ્લા વર્ષની માર્કશીટમાં માર્ક્સ કે ટકા ન લખેલ હોય તથા માર્કશીટમાં માત્ર ગ્રેડ કે CGPA લખેલ હોય તેમણે પોતાની યુનીવર્સીટીના સક્ષમ અધિકારી પાસેથી "સમકક્ષ ટકા"નું સર્ટીફીકેટ(Equivalent Percentage Certificate)**

**જો વિદ્યાર્થીની ગ્રેજ્યુએશન – ક્વોલીફયિંગ પરીક્ષાની માર્કશીટમાં મેળવેલ ગુણ કે ટકા દર્શાવેલ ન હોય અને માત્ર ગ્રેડ કે CGPA જ દર્શાવેલ હોય તો આવા વિદ્યાર્થીઓએ ઓન લાઈન અરજી કરતી વખતે પોતાની યુનીવર્સીટીના સક્ષમ અધિકારી પાસેથી "સમકક્ષ ટકા"નું સર્ટીફીકેટ (Equivalent Percentage Certificate) જોડવું ફરજીયાત છે. આવું સર્ટીફીકેટ અપલોડ કરેલ નહિ હોય તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ મેરીટ લીસ્ટમાં કરી શકશે નહિ.**

**Equivalent Percentage Certificate સ્નાતક પરીક્ષાના છેલ્લા બે સેમીસ્ટરનું તેમ જ છેલ્લેથી બીજા વર્ષના (Second Last Year of graduation) છેલ્લા બે સેમિસ્ટરના ટકા દર્શાવતું હોય તેવું અલગ અલગ જોડવું. (છેલ્લા બે સેમિસ્ટરના ટકા મેરીટ બનાવવા માટે જરૂરી છે. છેલ્લેથી બીજા વર્ષના (બંને સેમીસ્ટરના) અલગથી ટકા જો બે થી વધુ વિદ્યાર્થીઓના મેરીટમાં સમાન ટકા હોય તો અગ્રતાક્રમ નક્કી કરવા માટે જરૂરી છે. વાર્ષિક પધ્ધતિથી પાસ થયેલ વિદ્યાર્થીઓએ તેમના ત્રીજા અને બીજા વર્ષના યુનીવર્સીટી પરીક્ષામાં મેળવેલા માર્ક આપવા)**

માર્ક્સ અપલોડ કરવા માટેનું ટેબલ નીચે ઉદાહરણ માટે મુકેલ છે.

| Marks obtained at Semester V / Second Last Semester | Total Marks of Sem V / Second Last Semester | Marks obtained at Sem. VI / Last Semester | Total Marks of Sem VI / Last Semester | Percentages of Last two semesters of Qualifying Exam. |
|---|---|---|---|---|
| 421 | 700 | 436 | 700 | 61.21 % ** |

** = મેરીટ બનાવવા માટે જરુરી.

| Marks obtained at Semesters 4 and 5 or Second Last Year of Qualifying Exam (eg. SY B.Com) | Total Marks of Sem 4 and 5 / Second Last year of Qualifying Exam (eg. SY B.Com) | Percentages of Sem 4 and 5 / second last year of of Qualifying Exam. *** |
|---|---|---|
| 810 | 1200 | 67.5 % *** |

***** = બે કે વધુ વિદ્યાર્થીઓને મેરીટમાં સમાન ટકા હોય તો અગ્રતાક્રમ નક્કી કરવા માટે**

5 **ગુજરાત રાજ્ય બહારની અન્ય યુનિવર્સિટીમાંથી અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરતા પહેલા ગુજરાત યુનિવર્સિટીમાંથી Provisional Eligibility Certificate (PEC) મેળવી લેવાનુ રહેશે. Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ માટે ઓનલાઈન ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પરથી નીચેની લિંક દ્વારા અરજી કરવાની રહેશે.**

**https://gujaratuniversity.studentscenter.in**

**અરજી સાથે વિદ્યાર્થીએ અસલ માર્કશીટ-દસ્તાવેજો અપલોડ કરી તથા ઓન લાઈન નિયત ફી ભરી Provisional Eligibility Certificate (PEC) મેળવાનું રહેશે. જેની સોફ્ટ કોપી ઓન લાઈન અરજી સાથે અપલોડ કરવાની રહેશે.**



@geniusgurujii

6 જે વિધાર્થીઓ ગુજરાત રાજ્યની જ, પરંતુ અન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલ હોય/છેલ્લી પરીક્ષા આપેલ હોય તેમણે **હાલ Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ લેવાનું નથી પરંતુ આવા વિધાર્થીઓએ એક્વાર એડમિશન લઇ લીધા બાદ ઓનલાઈન Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ મેળવી સત્વરે પોતાની કોલેજમાં જમા કરાવવાનું રહેશે.**
ઓન લાઈન **Provisional Eligibility Certificate (PEC) મેળવવા માટે ઉપરોક્ત લીંક રહેશે.**

7 ત્રણ વર્ષ એલએલ.બી. અભ્યાસક્રમ માટે પોતાનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરતી વખતે વિધાર્થીએ વેબસાઈટ પર જ પોતાના સ્નાતક (ગ્રેજ્યુએટ) અભ્યાસક્રમનાં છેલ્લા ચાર સેમેસ્ટર (કે છેલ્લા બે વર્ષ), H.S.C. પરીક્ષાના માર્ક્સ તથા જન્મ તારીખની વિગતો આપવાની રહેશે તથા ફોટોગ્રાફ અને સહી સોફ્ટ કોપીમાં અપલોડ કરવાની રહેશે. તથા છેલ્લા બે સેમિસ્ટરની (કે છેલ્લા વર્ષની) માર્કશીટ અપલોડ કરવાની રહેશે.

8 **<u>સેમેસ્ટર સિસ્ટમનાં વિધાર્થીઓએ સ્નાતક પરીક્ષાનાં છેલ્લા બે સેમેસ્ટરનાં માર્ક્સ તથા ટકા અપલોડ કરવા. વાર્ષિક સિસ્ટમનાં વિધાર્થીઓએ છેલ્લા વર્ષની પરીક્ષાનાં માર્ક્સ તથા ટકા અપલોડ કરવા. અન્ય યુનીવર્સીટીમાંથી આવતા વિધાર્થીઓએ જો તેમની સ્નાતક પરીક્ષાની છેલ્લા બે સેમેસ્ટરની કે છેલ્લા વર્ષની માર્કશીટમાં માર્ક્સ કે ટકા ન લખેલ હોય તથા માર્કશીટમાં માત્ર ગ્રેડ કે CGPA લખેલ હોય તેમણે પોતાની યુનીવર્સીટીના સક્ષમ અધિકારી પાસેથી "સમકક્ષ ટકા"નું (Equivalent Percentage) સર્ટીફીકેટ કઢાવી તે મુજબની ટકાવારી દર્શાવવાની રહેશે તથા આ સર્ટીફીકેટની સોફ્ટ કોપી ઓન લાઈન અરજી કરતી વખતે અપલોડ કરવાની રહેશે. અન્યથા ફોર્મ વેરીફાય થશે નહિ તથા આવા વિધાર્થીનું નામ મેરીટમાં ગણાશે નહી.</u>**

9 જે વિધાર્થીઓએ તેમની **સ્નાતક પરીક્ષા** (ગ્રેજ્યુએશન-ક્વોલિફાઇગ માત્ર B.Com., B.A., અને B.Sc. પરીક્ષાઓ માટે જ) એપ્રિલ ૨૦૨૩મા **ગુજરાત યુનિવર્સીટીમાંથી જ પાસ કરેલ** હોય તેમના સેમિસ્ટર ૫ અને ૬ નાં માર્કસ યુનિવર્સીટી સીટ નંબર અને અન્ય વિગતો ભરતા સોફ્ટવેર આપોઆપ લઇ લેશે (જો આમ ન થાય તો વિધાર્થીએ પોતાના માર્ક્સ અને અન્ય વિગતોની એન્ટ્રી કરવાની રહેશે.) અન્ય તમામ વિધાર્થીઓએ પોતાના માર્ક્સ અને અન્ય વિગતોની એન્ટ્રી કરવાની રહેશે.

10 SEBC (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ)નાં વિધાર્થીઓએ ઓન લાઈન ફોર્મ ભરતી વખતે પ્રવેશ તારીખનાં ત્રણ વર્ષ પહેલા સુધીના (કે રાજ્ય સરકાર નક્કી કરે તે મુજબની તારીખ સુધીના) ગુજરાત રાજ્યના સમુચિત સત્તાધિકારી દ્રારા આપવામાં આવેલ નોન- ક્રીમીલેયર સર્ટીફિકેટ અચૂક અપલોડ કરવું, અન્યથા તેમની નોધણી જનરલ કેટેગરીમાં થયેલ ગણાશે. ફોર્મના વેરીફીકેશન દરમ્યાન વિધાર્થીને જરૂરી કેટેગરી સર્ટીફીકેટ ન હોય તો તે અપલોડ કરવા મેસેજ મોકલવામાં આવશે. આ મેસેજ બાદ ૨૪ કલાકમાં સર્ટીફીકેટ અપલોડ ન થાય તો વિધાર્થીનો સમાવેશ જનરલ કેટેગરીમાં કરવામાં આવશે.

11 આર્થિક રીતે પછાત –Economically Backward Section (EWS) કેટેગરીમાં આવતા વિધાર્થીઓએ ગુજરાત રાજ્ય દ્રારા સૂચિત સક્ષમ અધિકારી પાસેથી EWS નું સર્ટીફીકેટ મેળવી ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરતી વખતે અચૂક અપલોડ કરવું અન્યથા તેમની નોંધણી જનરલ કેટેગરીમાં થયેલ ગણાશે.

12 **Phy. Handi. કેટેગરીનાં વિધાર્થીઓએ** ગુજરાત રાજ્ય દ્રારા સૂચિત સક્ષમ અધિકારી દ્રારા આપવામાં આવેલ **૪૦% કે વધુ શારીરિક અક્ષમતા અગેનું સિવિલ સર્જનનું અસલ પ્રમાણપત્ર** ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરતી વખતે અચૂક અપલોડ કરવું, અન્યથા તેમની નોધણી જનરલ કેટેગરીમાં થયેલ ગણાશે.

13 જે વિધાર્થીઓએ સ્નાતક પરીક્ષા અન્યયુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોય તથા ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીનો કોઈ અભ્યાસક્રમ કરેલ હોય તેમનો સમાવેશ "other University"ની કેટેગરીમાં થશે. પરંતુ આવા વિધાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટીમાંથી Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ લેવાનુ રહેશે નહી. પરંતુ જે વિધાર્થીઓએ ગુજરાત યુનીવર્સીટીમાંથી સ્નાતક થઇ અન્ય

@geniusguruji

યુનીવર્સીટીમાં પ્રવેશ મેળવેલ હોય તેમણે ઉપરોક્ત જોગવાઈ મુજબ **Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ લેવાનું રહેશે પણ તેઓનો સમાવેશ ગુજરાત યુનીવર્સીટીના વિદ્યાર્થીઓની કેટેગરીમાં જ થશે.**

14 **ઉપરોક્ત તમામ માહિતી ભરી, તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરી ઓછામાં ઓછી સાત કોલેજની પ્રેફરન્સ મુજબ પસંદગી કરી, વિદ્યાર્થીએ ચકાસણી કર્યા બાદ પોતાના ફોર્મ LOCK કરવાના રહેશે. ત્યારબાદ વિદ્યાર્થી પોતાની વિગતોમાં ફેરફાર કરી શકશે નહિ તેમ જ ફોર્મ LOCK કર્યા બાદ વિદ્યાર્થી પોતાના ફોર્મની સોફ્ટ કોપી ડાઉનલોડ કરી શકશે. જે વિદ્યાર્થીનું ઓન લાઈન રજીસ્ટ્રેશન થયેલ હોય તેઓનો જ મેરીટમાં સમાવેશ થઇ શકશે.**

**વિદ્યાર્થીએ અપલોડ કરેલ તમામ દસ્તાવેજોની ચકાસણી ઓન લાઈન જ થશે. જો ઓન લાઈન ફોર્મમાં કોઈ ક્ષતિ નહિ હોય તો ફોર્મ વેરીફાય થયા અંગે મેસેજ વિદ્યાર્થીએ આપેલ મોબાઈલ પર આવશે. અધૂરા દસ્તાવેજો કે વાંચી ન શકાય તેવા દસ્તાવેજો ફરી અપલોડ કરવા વેરીફીકેશન દરમ્યાન વિદ્યાર્થીને મેસેજ કરવામાં આવશે. આ મેસેજથી ૨૪ કલાકમાં વિદ્યાર્થીએ જરૂરી દસ્તાવેજોની વાંચી શકાય તેવી નકલ અપલોડ કરવી અન્યથા દસ્તાવેજો વિના ફોર્મ માન્ય ઠરશે નહિ અને આવા વિદ્યાર્થીઓને મેરીટમાં સમાવી શકાશે નહિ.**

15 **CA, CS કે અન્ય ફુલટાઇમ કોર્સ કરતા વિદ્યાર્થીઓ આ અભ્યાસની સાથે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાનાં નિયમાનુસાર એલએલ.બી. નો અભ્યાસ કરી શક્તા નથી. ત્રણ વર્ષનો એલએલ.બી. અભ્યાસક્રમ ફુલટાઇમ અભ્યાસક્રમ છે તથા તેમાં બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના નિયમો તેમ જ ગુજરાત યુનીવર્સીટી ઓર્ડીનન્સ મુજબ ૭0 % હાજરી અનિવાર્ય છે.**

16 નિયત તારીખે (અથવા ત્યારબાદની સૂચિત તારીખે) ગુજરાત યુનિવર્સીટી વેબસાઈટ ઉપર પ્રોવિઝનલ મેરિટ લીસ્ટ મુકવામાં આવશે જે વિદ્યાર્થીનાં માર્કસ, કેટેગરી તથા તેણે ભરેલ કોલેજ વિકલ્પોના આધારે મુકવામાં આવશે. આ લીસ્ટમાં જો કોઈ માર્કસ/કેટેગરીની ભુલ જણાય તો વિદ્યાર્થીએ નિયત કરેલ સમય મર્યાદામાં નીચેના ઈ મેઈલ આઈ.ડી. પર ભૂલ સુધારાની ઓન લાઈન અરજી જરૂરી આધાર પુરાવાની નકલ સાથે કરવાની રહેશે.

**llb3querymerit@gmail.com**

નિયત સમય બાદ કોઈ પણ પ્રકારની ભૂલ અંગે કરેલ અરજી માન્ય રખાશે નહિ. પ્રોવિઝનલ મેરીટ લીસ્ટથી કોઇ પણ પ્રકારનું એડમીશન થઇ શકશે નહિ.

17 ઉપરોક્ત પ્રક્રિયા બાદ પ્રસિધ્ધ થનાર ફાઈનલ મેરિટ લિસ્ટ/ ફર્સ્ટ એલોટમેન્ટ ઓફર લીસ્ટમાં વિદ્યાર્થીનું નામ છે કે નહિ તે વિદ્યાર્થી પોતાના યુઝર આઈ.ડી. અને પાસવર્ડ આપી ગુજરાત યુનીવર્સીટીની વેબ સાઈટ પરથી નિયત તારીખ દરમ્યાન જોઈ શકશે. જો વિદ્યાર્થીનો સમાવેશ ફર્સ્ટ એલોટમેન્ટ ઓફર લીસ્ટમાં થયેલ હોય તો તેણે એડ હોક ઓન લાઈન ફી પેટે નિયત રકમ ભરી (ભાઈઓ રૂ.૫૦૦/- તથા બહેનો રૂ.૨૦૦/-) તેને ફાળવામાં આવેલ કોલેજ પર નિયત દિવસોમાં કોલેજ સમય દરમ્યાન જઈ જરૂરી અસલ દસ્તાવેજો બતાવી, બાકીની ફી ભરી પ્રવેશ મેળવી લેવો. નિયત સમય બાદ વિદ્યાર્થીનો પ્રવેશ માટે હક રહેશે નહી, તથા પ્રવેશ આપોઆપ રદ્દ થશે. **ફાઇનલ/ ફર્સ્ટ મેરીટ લીસ્ટ – ફર્સ્ટ એડમીશન ઓફર લીસ્ટમાં** નામ હોય તે વિદ્યાર્થીઓ જ એડમિશન ઓફર લેટરની પ્રિન્ટ કાઢી શકશે.

18 **જે વિદ્યાર્થીઓનું નામ પ્રથમ મેરીટ લીસ્ટમાં ન આવે તેણે બીજા મેરિટ લીસ્ટ સુધી રાહ જોવી.**

@geniusguruji

19 જો વિદ્યાર્થીનું નામ પ્રથમ મેરીટ લીસ્ટમાં કોઇ લો કોલેજમાં આવેલ હોય પણ તેણે જો તે કોલેજમાં પ્રવેશ ન લેવો હોય પરંતુ અન્ય કોલેજમાં પ્રવેશ લેવો હોય તો પણ તેણે તે ઉપરોક્ત પ્રક્રિયામાં નિયત બેંકમાં ઓન લાઇન પાર્ટ પેમેન્ટ (ભાઇઓ રૂ.૫૦૦/- તથા બહેનો રૂ.૨૦૦/-) કરી રીશફલીંગ રાઉન્ડની રાહ જોવી અને પ્રથમ રાઉન્ડમાં ઓફર થયેલ કોલેજમાં પ્રવેશ લેવો નહિ. રીશફલીંગ રાઉન્ડની નોટીસ આવ્યેથી આવા વિદ્યાર્થીઓએ રીશફલીંગ માટે ઓન લાઇન સમંતિ આપવાની રહેશે. તેમ જ આ રાઉન્ડની જરૂરી સૂચનાનું પાલન કરવાનું રહેશે.

20 જે વિદ્યાર્થીઓની વય તા.15/06/2023નાં રોજ ૩૦ વર્ષ કે તેથી વધુ (SC તથા ST કેટેગરીનાં વિદ્યાર્થીઓની વય ઉપરોક્ત તારીખનાં રોજ ૩૫ વર્ષ કે વધુ) હોય તેમણે એડમિશન ઓફરથયેથી જે તે કોલેજમાં Undertaking આપવાનું રહેશે કે તેમને સર્વોચ્ચ અદાલતનાં વચગાળાનાં ચુકાદાના આધારે શરતી પ્રવેશ મળે છે. તથા તેમનો આ શરતી પ્રવેશ સર્વોચ્ચ અદાલતનાં આખરી ચુકાદાને આધિન રહેશે. આ Undertaking નો નમુનો ગુજરાત યુનિવર્સિટી વેબસાઇટ પર મુકેલ ત્રણ વર્ષ એલએલ.બી.ની માહિતી પુસ્તિકામાં (Page No. 27) આપેલ છે.

21 **ત્રણ વર્ષ એલએલ.બી. અભ્યાસક્રમ વ્યવસાયિક અભ્યાસક્રમ હોઇ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડીયા દ્વારા વખતોવખત આપવામાં આવતા પરિપત્રો અને સુચનાને આધીન રહેશે. હાલ આ અભ્યાસક્રમ છ સેમિસ્ટરનો છે. નવી શિક્ષણ નીતિ- ૨૦૨૦ અનુસાર ઉપરોક્ત માળખામાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને ફેરફાર કરવાની સત્તા છે. જો ભવિષ્યમાં બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા નવી શિક્ષણ નીતિના સંદર્ભમાં કોઈ ફેરફાર કરે તો ગુજરાત યુનીવર્સીટી સંલગ્ન તમામ લો કોલેજો હાલના માળખામાં ફેરફાર કરી શકે છે, જે તમામ વિદ્યાર્થીઓને પણ બંધનકર્તા રહેશે.**

22 **વધુ માહિતી માટે વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન કોઈ પણ લો કોલેજના હેલ્પ સેન્ટર** પર કોલેજ સમય દરમ્યાન જઇને કે ફોનથી સંપર્ક કરી શકશે.

નોંધ:- **આ નોટિસ વિદ્યાર્થીઓને અનુકુળતા માટે છે. વિગતવાર અને સચોટ માહિતી માટે ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ** https://oas2023.guadmissions.in/ **ઉપર વખતોવખત મુકવામાં આવનાર નોટીસ/ સૂચનાઓ જોવી.**

@geniusguruji